જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૬૦/૧૮

કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

દિલ્લી સોનીયા વિહાર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં – ૨૩૨/૧૮ ઈપીકો કલમ ૩૬૩. ૩૭૬ તથા પોસ્કો એક્ટ ૬ મુજબ નાં કામનો નાસતો ફરતો આરોપી પકડી પાડતી કાગડાપીઠ પોલીસ : -

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા કાગડાપીઠ પોલીસ ઈન્સપેક્ટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ ગીતામંદિર એસ.ટી બસ સ્ટેશન ખાતે મિલકત સબંધી ગુનાઓ ના બને તે સારુ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ ડી.વી.ખરાડી તથા બીજા સ્ટાફના માણસો સાથે ગીતામંદિર એસ.ટી બસ સ્ટેશન માં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૧૯/૪૫ વાગે. એસ.ટી બસ સ્ટેશન પ્લેટફાર્મ નં ૫ ઉપર આવતા સાથેનાં પો.કોન્સ નરેન્દ્રકુમાર કમલેશભાઈ બ.નં ૯૩૦૬ નાઓએ જણાવેલ કે, ત્રણ – ચાર દિવસ અગાઉ દિલ્લી પોલીસ એસ.ટી બસ સ્ટેશન ખાતે તપાસમાં આવેલ જેમાં દિલ્લી નાં સોનીયા વિહાર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં – ૨૩૨/૧૮ ઈપીકો કલમ ૩૬૩. ૩૭૬ તથા પોસ્કો એક્ટ ૬ મુજબ નાં કામનો આરોપી સિન્ટુ દેવીસિહ ચૌહાણ ઉ.વ ૨૨ રહે.૬૫/૫ ગલી નં – ૧ સોનીયા વિહાર કરાવલનગર દિલ્લી ખાતેનો અગાઉ એસ.ટી બસ સ્ટેશન ખાતે આવેલ હતો જે હકિકત દિલ્લી પોલીસ જણાવેલ અને જે આરોપીનો ફોટો દિલ્લી પોલીસે અમારા મોબાઈલ ફોન માં આપેલ છે તે ફોટાવાળો ઈસમ સામે પ્લેટફાર્મ નં – ૫ પાસે ઉભો જણાય છે જેણે શરીરે સફેદ કલરનો શર્ટ તથા સફેદ કલર નુ પેન્ટ પહેરેલ છે. અને જે ઈસમ દિલ્લી ખાતે નાં કેસમાં નાસતો ફરતો છે જે હકીકત આધારે સદરી આરોપી નામે સિન્ટુ દેવીસિહ ચૌહાણ ઉ.વ ૨૨ રહે.૬૫/૫ ગલી નં – ૧ સોનીયા વિહાર કરાવલનગર દિલ્લી નાને તા.૪/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી ઉપરોક્ત ગુનાનો વોન્ટેડ આરોપી ને પકડી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,

કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.

પોલીસ કમિશનર વતી.